**Extra No. 15**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]          MONDAY, JANUARY 5, 2026 / PAUSHA 15, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૫મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તારીખઃ ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૧૭)/ઈએક્સએમ/૨૦૨૦/૮૮/ડી-૨.- નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Forester, Class III, in the Gujarat subordinate Forest Service, Competitive Examination Rules, 2025.**

**ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર(વનપાલ), વર્ગ ૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૫ સંબંધી**
**જાહેરનામું**

**વન અને પર્યાવરણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગસ્ટ,૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીવીએન/૨૦૨૫/(૧૭)/ઈએક્સએમ/૨૦૨૦/૮૮/ડી-૨:** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર, વર્ગ-૩ની જગા પર ભરતી માટેની પરીક્ષા પદ્ધતિનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પાડવા બાબત.-

(૧) આ નિયમો ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર (વનપાલ), વર્ગ-૩, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) આ નિયમો ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર(વનપાલ), વર્ગ-૩ની જગા પર સીધી ભરતીથી નિમણૂકને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,-

(ક) “પરિશિષ્ટ” એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) “મંડળ” એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

(ગ) “પરીક્ષા” એટલે ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર, વર્ગ-૩ની જગા પર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા; તેમાં લેખિત પરીક્ષા, શારીરિક યોગ્યતા કસોટીનો સમાવેશ થશે.

(ઘ) “સરકાર” એટલે ગુજરાત સરકાર;

(ચ) “જગા” એટલે ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર, વર્ગ-૩ની જગા.

(છ) “સંબંધિત ભરતી નિયમો’’ એટલે ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર, વર્ગ-૩ની જગા માટે સરકાર દ્વારા ઠરાવેલા ભરતી નિયમો.

૩. માગણીઓ તૈયાર કરવાની કાર્યરીતિ.-

અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરીએ ગુજરાત ગૌણ વન સેવામાં, ફોરેસ્ટર, વર્ગ-૩ની જગા પર નિમણૂક માટે વ્યક્તિઓની તેમની જરૂરિયાતો દર્શાવતી માગણી, દર વર્ષે વન અને પર્યાવરણ વિભાગને મોકલવી જોઈશે. ત્યારબાદ વન અને પર્યાવરણ વિભાગે તે માગણી, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તે પ્રમાણેના પ્રોફોર્મામાં, મંડળને મોકલવી જોઈશે.

૪. પરીક્ષા યોજવા બાબત.-

મંડળ, સરકાર તરફથી માગણી મળ્યેથી, જગા પર ભરતી કરવા ઉમેદવારોની પસંદગી માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજશે.

૫. પરીક્ષાનું સંચાલન અને નિયમન.-

મંડળ પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરશે.

૬. પરીક્ષાની પદ્ધતિ.-

પરીક્ષા નીચે પ્રમાણેના બે ક્રમિક તબક્કામાં યોજાશે:-

(૧) લેખિત કસોટી (વૈકલ્પિક પ્રકાર-બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ))

(૨) શારીરિક યોગ્યતા કસોટી

લેખિત કસોટી અને શારીરિક યોગ્યતા કસોટી, આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટ ૧ અને ૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે યોજવી જોઈશે.

૭. પરીક્ષાનો અભ્યાસક્રમ.- લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટ ૧-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૮. પરીક્ષાનું માધ્યમ.-

પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૯. પરીક્ષાનું સ્થળ.-

(૧) પરીક્ષાની તારીખ, સમય અને સ્થળ, મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૨) મંડળ દ્વારા જાહેર કરવામાં આવેલી તારીખ, સમય અને સ્થળ પર ઉમેદવારે તેના પોતાના ખર્ચે પરીક્ષાના તમામ તબક્કામાં ઉપસ્થિત થવાનું રહેશે.

૧૦. પરીક્ષા માટેની અરજી.-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત થવા ઇચ્છતા ઉમેદવારે, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે, મંડળ ઠરાવે તેવા નમૂનામાં અને તેવી સમયમર્યાદાની અંદર અરજી કરવી જોઈશે.

(૨) ફી, મંડળ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે ચૂકવવી જોઈશે અને એક વખત ચૂકવાયેલી ફી કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે મોકૂફ કરી શકાશે નહિ.

(૩) અરજી પાછી ખેંચવા માટે ઉમેદવારની વિનંતીને કોઈપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૧૧. પાત્રતા માટેની શરત.-

(૧) ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય, અથવા મંડળ

(ખ) નેપાળનો નાગરિક હોય, અથવા

(ગ) ભૂતાનનો નાગરિક હોય, અથવા

(ઘ) ભારતમાં કાયમી સ્થાયી થવાના હેતુથી, પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, કેન્યા, યુગાંડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ તાંઝાનિયા, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રિકન દેશો અને વિયેતનામથી સ્થળાંતર કરીને આવેલી ભારતીય મૂળની વ્યક્તિ હોય,

-તે સિવાય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે નહિ:

પરંતુ શ્રેણી (ખ), (ગ) અથવા (ઘ) ના ઉમેદવારે, સરકારે કાઢી આપેલ પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૨) પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવાનું ફરમાવવામાં આવ્યું હોય તેવા ઉમેદવારને મંડળ દ્વારા સંચાલિત પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની કામચલાઉ પરવાનગી આપી શકાશે અને પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને, તેને કામચલાઉ નિમણૂક પણ આપી શકાશે.

૧૨. એક કરતા વધારે લગ્નના કારણોસર નિમણૂક માટે ગેરલાયક હોવા બાબત.-

(૧) (ક) પતિ/પત્નિ હયાત હોય તેવી વ્યક્તિ સાથે લગ્ન કરેલ હોય અથવા લગ્નનો કરાર કરેલ હોય, અથવા

(ખ) પતિ/પત્નિ હયાત હોવા છતા, બીજી કોઇ વ્યક્તિ સાથે લગ્ન કરે અથવા લગ્નનો કરાર કરે,-

તેવી કોઇપણ વ્યક્તિ નિયત જગા પર નિમણૂકને પાત્ર ગણાશે નહિ:

પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓને અધીન રહીને, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે આમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે (રાજ્ય સરકાર) આ પેટા-નિયમની અમલવારીમાંથી કોઇ વ્યક્તિને મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે અરજીના નમૂનામાં જાહેર કરવું જોઇશે કે તે અથવા યથાપ્રસંગ, તેણી પરિણિત છે કે નહિ? અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતા વધારે હયાત પત્નિઓ છે કે નહિ? અને મહિલા ઉમેદવારના કિસ્સામાં, અગાઉથી પત્નિ હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કરેલ છે કે નહિ?

૧૩. શૈક્ષણિક લાયકાત અને વય મર્યાદા.-

(૧) જગાને સંબંધિત ભરતી નિયમો હેઠળ નિમણૂક માટેની અપેક્ષિત શૈક્ષણિક લાયકાતો અને બીજી જરૂરીયાતો ધરાવતા ઉમેદવાર, પરીક્ષામાં પ્રવેશને પાત્ર રહેશે.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારે, મંડળ દ્વારા જાહેરાતમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવ્યા પ્રમાણેની મહત્તમ વય ધારણ કરેલી હોવી જોઇશે નહિ.

૧૪. મંડળનો નિર્ણય આખરી હોવા બાબત.-

(૧) મંડળને એવી ખાતરી થાય કે,-

(ક) સદરહુ જગાના ભરતી નિયમો હેઠળ ઉમેદવાર અપેક્ષિત લાયકાતો ધરાવે છે અને બીજી જરૂરીયાતો પરિપૂર્ણ કરે છે.

(ખ) ઉમેદવારે અરજીની સાથે જરૂરી ફી ચુકવેલી છે; અને

(ગ) ઉમેદવાર તમામ તબક્કે પાત્ર છે અને તમામ જરૂરીયાતો પરિપૂર્ણ કરેલ છે,

તે સિવાય કોઇપણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતાના સંદર્ભમાં, મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૩) ત્યાર પછી, કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અયોગ્ય જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને અગાઉ તેની પસંદગી થઈ હોય અને નિમણૂક થઈ હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની સેવા તાત્કાલિક સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ આવા ઉમેદવારની સેવા સમાપ્ત કરતાં પહેલાં, નિમણૂક સત્તાધિકારીથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા સત્તાધિકારી દ્વારા તેને/તેણીને સુનાવણીની તક આપવી જોઇશે.

૧૫. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.-

લેખિત પરીક્ષામાં મંડળ દ્વારા તેની વિવેકબુદ્ધિ અનુસાર નક્કી કરવામાં આવે તેટલા લઘુત્તમ લાયકી ગુણ મેળવે તેવા ઉમેદવારને, શારીરિક યોગ્યતા કસોટીમાં પ્રવેશ આપવો જોઈશે:

પરંતુ મંડળનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અથવા આર્થિક નબળા વર્ગો-ના ઉમેદવારો માટે અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેના સામાન્ય ધોરણના આધારે શારીરિક યોગ્યતા કસોટી માટે, આ અનામત વર્ગોમાંથી ઉમેદવારોની પૂરતી સંખ્યા ઉપલબ્ધ હોવાની શક્યતા નથી, તો તે, લેખિત પરીક્ષામાં ધોરણોની છૂટછાટ આપીને, આવા વર્ગોના ઉમેદવારોને શારીરિક યોગ્યતા કસોટી માટે બોલાવી શકશે.

૧૬. શારીરિક યોગ્યતા કસોટીમાં ઉપસ્થિત રહેવા બાબત.-

(૧) મંડળ-એ, ઉમેદવારો પાસેથી અરજીઓ મળ્યા પછી, આ નિયમો અનુસાર અરજીઓની ચકાસણી કરવી જોઇશે અને પાત્ર (લાયક) ઉમેદવારોને, આ નિયમોના પરિશિષ્ટ ૧ મુજબ ઠરાવેલી લેખિત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે બોલાવવા જોઇશે.

(૨) લેખિત પરીક્ષામાં મંડળ નક્કી કરે તેવા લઘુત્તમ લાયકી ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારોને, મંડળ દ્વારા યોજવાની શારીરિક યોગ્યતા કસોટીમાં બોલાવવા જોઇશે.

(૩) શારીરિક યોગ્યતા કસોટી માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની સંખ્યા, માગણી કરેલી ખાલી જગાની સંખ્યા કરતાં સામાન્ય રીતે પંદર (૧૫) ગણી હોવી જોઇશે:

પરંતુ શારીરિક યોગ્યતા કસોટીમાં પાત્ર ઉમેદવારોની જરૂરી સંખ્યા ન થાય ત્યારે, ઘટ પૂરવા માટે લેખિત પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણ ધરાવતા ઉમેદવારોને, ગુણવત્તા(યાદી) મુજબ શારીરિક યોગ્યતા કસોટી માટે બોલાવવામાં આવશે.

(૪) પરિશિષ્ટ ૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શારીરિક યોગ્યતા કસોટી, ઉમેદવારોની શારીરિક ક્ષમતા સુનિશ્ચિત કરવા માટે યોજવી જોઇશે. શારીરિક યોગ્યતા કસોટી લાયકી પ્રકારની જ રહેશે:

પરંતુ શારીરિક યોગ્યતા કસોટી માટે બોલાવવામાં આવેલો ઉમેદવાર, આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટ ૩-માં જણાવ્યા પ્રમાણે ઓછામાં ઓછું પ્રમાણભૂત શારીરિક ધોરણ ધરાવતો હોય, તો જ તેને શારીરિક યોગ્યતા કસોટી માટે પરવાનગી આપવામાં આવશે.

૧૭. ગુણવત્તાક્રમની યાદી.-

(૧) શારીરિક યોગ્યતા કસોટી પછી, મંડળ-એ, લેખિત પરીક્ષામાં દરેક ઉમેદવારને આપેલા ગુણને આધારે ગુણવત્તાક્રમમાં ઉમેદવારોના નામ ગોઠવવા જોઇશે.

(૨) ત્યાર પછી, મંડળ-એ, બિન-અનામત ખાલી જગાઓ માટે ઉમેદવારોની ભલામણ કરવાના હેતુ માટે, લેખિત પરીક્ષાના આધારે ભરવાની બિન-અનામત ખાલી જગાઓના સંદર્ભમાં લાયકી ગુણ (જેનો આમાં હવે પછી, સામાન્ય લાયકી ધોરણ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરવા જોઇશે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગો-ના અનામત વર્ગના ઉમેદવારોની ભલામણ કરવાના હેતુ માટે, મંડળ, લેખિત પરીક્ષાના આધારે આ વર્ગો પૈકીના દરેક વર્ગમાં ભરવાની અનામત ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં, સામાન્ય લાયકી ધોરણમાં છૂટછાટ આપી શકશે:

પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગો-ના જેમણે, લેખિત પરીક્ષામાં પાત્રતા અથવા પસંદગીના માપદંડમાં કોઈપણ છૂટછાટ મેળવેલ ન હોય અને જે સામાન્ય લાયકી ધોરણોને ધ્યાનમાં લીધા પછી, મંડળને ભલામણ માટે યોગ્ય જણાય તેવા ઉમેદવારોની, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) અને આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામત રાખેલી ખાલી જગાઓ માટે ભલામણ કરવી જોઈશે નહિ.

(૩) આ નિયમની જોગવાઈથી ઊભી થતી બિન-અનામત ખાલી જગાઓ પર નિમણૂક કરવા માટે, ઉમેદવારોની કોઈપણ ઘટ ઊભી ન થાય અને અનામત ખાલી જગાઓ પર ઉમેદવારોની સંખ્યા વધી ન જાય, તે બાબતની કાળજી રાખવા માટે, મંડળ, લાયકી ધોરણમાં વધુ ઘટાડો કરી શકશે:

પરંતુ આવી યાદીમાં તેનો સમાવેશ થવા માત્રથી જ કોઇ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઇ હક મળશે નહિ.

(ક) શારીરિક યોગ્યતા કસોટીમાં પાત્ર થયા હોય તેવા ઉમેદવારોને, ગુણવત્તાક્રમ મુજબ દસ્તાવેજની ખરાઈ માટે બોલાવવા જોઈશે. દસ્તાવેજની ખરાઇ માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની સંખ્યા, માગણી કરેલી ખાલી જગાની સંખ્યા કરતાં સામાન્ય રીતે બે ગણી હોવી જોઇશે:

પરંતુ આવી યાદીમાં તેનો સમાવેશ થવા માત્રથી જ કોઇ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઇ હક મળશે નહિ.

(ખ) લેખિત પરીક્ષાના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઇચ્છતો હોય તેવો ઉમેદવાર, પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખથી ૧૫ દિવસની મુદતની અંદર મંડળ નક્કી કરે તેટલી ફી સાથે મંડળને અરજી કરી શકશે.

કોઇપણ સંજોગોમાં લેખિત પરીક્ષામાં ઉમેદવારે મેળવેલા ગુણ, આખરી પરિણામની સત્તાવાર જાહેરાત પહેલાં જાહેર કરવા જોઇશે નહિ.

(ગ) આખરી ગુણવત્તા યાદી.- ઉમેદવારને, લેખિત પરીક્ષામાં મેળવેલા ગુણને આધારે અને પરિશિષ્ટ-૪ મુજબ લેખિત પરીક્ષા પછી આપેલા વધારાના ગુણના ભારણને આધારે ગુણવત્તા ક્રમમાં ગોઠવવા જોઈશે.

૧૮. ઉમેદવારની ફરજ અને પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઇ).-

(૧) ઉમેદવારે, પરીક્ષાની તમામ વિગતો ભરવી જરૂરી રહેશે.

(૨) ઉમેદવારને લેપટોપ, સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, ટેબલેટ, આઇ-પેડ, સ્માર્ટ-વોચ અથવા બીજા કોઇપણ સંદેશા-વ્યવહારના ઈલેક્ટ્રોનિક સાધન પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૯. નિમણૂક.- પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, મંડળ-એ તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૨૦. પ્રતીક્ષા યાદી.- મંડળ-એ, સફળ ઉમેદવારોના વર્ગવાર પ્રતીક્ષા યાદી પણ તૈયાર કરવી જોઈશે જે દરેક વર્ગ માટે જાહેર કરેલી ખાલી જગાની ૨૦ % જેટલી રહેશે. પ્રતીક્ષા યાદી, આ અર્થે સરકારે બહાર પાડેલી સૂચનાઓ અનુસાર રહેશે.

૨૧. પરીક્ષાના સંચાલન અને નિયમન બાબત.- મંડળ-એ, પોતે અપનાવેલી કાર્યરીતિ અનુસાર અને તે અર્થે સરકારી હુકમને સુસંગત રહીને, પરીક્ષકો, નિરીક્ષકો-ની નિમણૂક, તેઓને ચૂકવવાપાત્ર મહેનતાણા અને પરીક્ષાના સંચાલન-ને લગતી તમામ બાબતોનું નિયમન કરવું જોઈશે.

૨૨. શારીરિક યોગ્યતા કસોટી અને દસ્તાવેજની ખરાઇ માટે ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહે, તો અયોગ્ય ગણવા બાબત.-

(૧) લેખિત પરીક્ષામાં પાત્ર થયો હોય અને શારીરિક યોગ્યતા કસોટી માટે બોલાવવામાં આવ્યો હોય પરંતુ મંડળ દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને તારીખે શારીરિક યોગ્યતા કસોટીમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહે, તેવો ઉમેદવાર પસંદગી માટે પાત્ર થશે નહિ.

(૨) પરિશિષ્ટ ૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શારીરિક યોગ્યતા કસોટીમાં પાત્ર થયો હોય અને દસ્તાવેજની ખરાઇ માટે બોલાવવામાં આવ્યો હોય તેવો ઉમેદવાર, નિર્દિષ્ટ કરેલા સમયે અને તારીખે દસ્તાવેજની ખરાઇ પ્રક્રિયામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ રહે, તો તે, પસંદગી માટે પાત્ર થશે નહિ.

૨૩. પરીક્ષાનું પરિણામ.- મંડળ-એ, પરીક્ષાનું પરિણામ નીચે મુજબ બે ભાગમાં જાહેર કરવું જોઇશે:-

ભાગ-૧: મંડળ-એ, ગુજરાત તાબાની વન સેવામાં ફોરેસ્ટર, વર્ગ ૩-ની જગા પર નિમણૂક માટે જેમના નામની ભલામણ કરવાની હોય તે ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંકો અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરતા વર્ગવાર પરિણામ, ગુણવત્તાક્રમ મુજબ ગોઠવીને, નોટિસ બોર્ડ પર, વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા જોઇશે અને આવી રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ વન અને પર્યાવરણ વિભાગને મોકલવી જોઇશે અને વન અને પર્યાવરણ વિભાગ, તે (પરિણામ)ની નકલ, મુખ્ય વન સંરક્ષક અને વન પ્રભાગના વડા-ને મોકલશે.

ભાગ ૨: (મંડળ-એ,) જેમનો સમાવેશ ભાગ ૧-માં કરવામાં આવ્યો ન હોય તેવા અસફળ ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંકો અને તેમણે મેળવેલા કુલ ગુણ દર્શાવતી તેમની વર્ગવાર યાદી (તૈયાર કરવી જોઇશે) અને તેને, મંડળના નોટિસ બોર્ડ પર અને વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવી જોઇશે.

૨૪. ઉમેદવારોની ભલામણ.- પરિણામની જાહેરાત થયે, મંડળ-એ, ઉમેદવારનો વર્ગ (જાતિ), તેની જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાતો જેવી જરૂરી વિગતો અને સરકાર આદેશ કરે તેવી બીજી વિગતો સાથે નિમણૂક માટે ભલામણ કરેલ હોય તેવા ઉમેદવારોની વર્ગવાર યાદી, મુખ્ય વન સંરક્ષક અને વન પ્રભાગના વડા-ને મોકલવી જોઈશે.

૨૫. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.- પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ (ઉમેદવારને) નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને સરકારને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે ઉમેદવાર તમામ રીતે જગા પરની નિમણૂક માટે યોગ્ય છે, ત્યાં સુધી કોઇ ઉમેદવારની નિમણૂક કરવી જોઇશે નહિ.

૨૬. તબીબી પરીક્ષણ.- નિમણૂક માટે લાયક ઠરેલા ઉમેદવારે, વખતોવખત પ્રવર્તમાન ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ની જોગવાઈઓ અનુસાર તબીબી પરીક્ષણ પાસ કરવું જોઈશે.

૨૭. શિસ્તવિષયક પગલાં.-

કોઇપણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે;

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે;

(ગ) બીજી કોઇ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે;

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો રજૂ કરવા માટે;

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે;

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકસાન કરવા માટે;

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્ર સાથે ઉમેદવારોને કાઢી આપવામાં આવેલી સૂચનાઓનું ઉલ્લંઘન કરવા માટે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત,-

(ક) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(ખ) (૧) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(૨) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઈપણ રોજગારમાંથી

- તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતો હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય અને મંડળ અથવા યથાપ્રસંગ, સરકારની પૂર્વ-મંજૂરી સાથે, પેટા-ખંડ (ક) અથવા (ખ) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ;

(ગ) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૨૮. શંકાના કિસ્સામાં અર્થઘટન.- આ નિયમો પૈકી કોઈના અર્થઘટન બાબતે કોઈ પ્રશ્ન ઊભો થાય, તો તે પ્રશ્ન, નિર્ણયાર્થે સચિવ, વન અને પર્યાવરણ વિભાગ-ને મોકલવો જોઈશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી ગણાશે.

૨૯. અપવાદ.- આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ નિયમોના આરંભ પહેલાં અગાઉના નિયમો હેઠળ શરૂ કરવામાં આવેલ કોઈપણ કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી, તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

## પરિશિષ્ટ ૧

ગુજરાત ગૌણ વન સેવામાં ફોરેસ્ટર, વર્ગ ૩ની જગા પરની ભરતી માટેની લેખિત પરીક્ષા

(જુઓ નિયમ ૬ અને ૭)

તમામ ઉમેદવારોએ હેતુલક્ષી પ્રકાર (બહુવિધ પસંદગીના પ્રશ્નો (MCQ) પર આધારિત લેખિત પરીક્ષા પાસ કરવી જોઈએ. ઉમેદવારોએ તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. દરેક ખોટા જવાબ, ભૂંસી નાંખેલા જવાબ, અથવા એકથી વધુ આપેલા જવાબ માટે, નકારાત્મક ગુણ લાગુ પડશે. દરેક પ્રશ્નમાં, ''પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)''નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના નકારાત્મક ગુણ રહેશે.

(૧) પ્રશ્નપત્ર ૨૦૦ ગુણનું રહેશે જેમાં ૧૦૦ પ્રશ્નો રહેશે.

(૨) દરેક પ્રશ્ન ૨ ગુણનો રહેશે.

(૩) ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

(૪) લેખિત પરીક્ષાનો સમયગાળો ત્રણ કલાકનો રહેશે.

(૫) પ્રશ્નપત્રમાં ચાર વિષયોનો સમાવેશ થવો જોઈશે, જેમ કે (ક) સામાન્ય જ્ઞાન, (ખ) સામાન્ય ગણિત, (ગ) ગુજરાતી ભાષા અને (ઘ) પર્યાવરણ અને પરિસ્થિતિ વિજ્ઞાન, ઝાડ-પાન, વન્યજીવન, જળ, જમીન, જડીબુટ્ટી જેવા કુદરતી પરિબળો, લાકડું અને લાકડા આધારિત ઉદ્યોગો અને ભૌગોલિક પરિબળો.

(૬) MCQ તૈયાર કરતી વખતે, આ વિષયોના ગુણાંક અનુક્રમે (ક) ૨૫%, (ખ) ૧૨.૫%, (ગ) ૧૨.૫% અને (ઘ) ૫૦% રહેશે.

(૭) દરેક ખરા જવાબ માટે, બે ગુણ આપવામાં આવશે.

(૮) અભ્યાસક્રમનું ધોરણ અને સામગ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણનું રહેશે.

## પરિશિષ્ટ ૨

શારીરિક યોગ્યતા કસોટી

(જુઓ નિયમ ૬, ૧૬(૪) અને ૨૨(૨))

| અનુક્રમાંક | શારીરિક તપાસ કસોટીની વિગતો | પુરૂષ ઉમેદવાર | ભૂતપૂર્વ સૈનિક પુરૂષ ઉમેદવાર | સ્ત્રી ઉમેદવાર | ભૂતપૂર્વ સૈનિક સ્ત્રી ઉમેદવાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬૦૦ મીટર દોડ | ૬ મિનિટ | ૬.૩૦ મિનિટ | -- | -- |
| ૨ | ૮૦૦ મીટર દોડ | -- | -- | ૪ મિનિટ | ૪.૨૦ મિનિટ |
| ૩ | ઊંચો કૂદકો | ૪ ફૂટ ૩ ઈંચ | ૪ ફૂટ | ૩ ફૂટ | ૨ ફૂટ ૯ ઈંચ |
| ૪ | લાંબો કૂદકો | ૧૫ ફૂટ | ૧૪ ફૂટ | ૯ ફૂટ | ૮ ફૂટ |
| ૫ | પુલ-અપ્સ (બંને હાથ છાતી તરફ) | ૮ વખત | ૮ વખત | -- | -- |
| ૬ | રોપ ક્લાઈમ્બીંગ (દોરડા પર ચઢવું) | ૧૮ ફૂટ | ૧૮ ફૂટ | -- | -- |

## પરિશિષ્ટ ૩

ફોરેસ્ટર, વર્ગ ૩ની જગા માટે લઘુત્તમ શારીરિક માપદંડ

(જુઓ નિયમ ૬, ૧૬(૪))

તબીબી અધિકારી દ્વારા ધ્યાનમાં લેવાના ધોરણો

શારીરિક માપદંડ:

૧. (ક) પુરૂષ ઉમેદવારો માટે.

| વર્ગ | ઊંચાઇ | છાતી (ઓછામાં ઓછી)* | | વજન |
|---|---|---|---|---|
| | | ફૂલાવ્યા વગર | ફૂલાવેલી | |
| મૂળ ગુજરાતના અનુસૂચિત આદિજાતિના ઉમેદવાર | ૧૫૫ સેન્ટિમીટર | ૭૯ સેન્ટિમીટર | ૮૪ સેન્ટિમીટર | ૫૦ કિલોગ્રામ |
| ઉમેદવાર (મૂળ ગુજરાતના અનુસૂચિત આદિજાતિ સિવાયના) | ૧૬૩ સેન્ટિમીટર | ૭૯ સેન્ટિમીટર | ૮૪ સેન્ટિમીટર | ૫૦ કિલોગ્રામ |

* ફૂલાવેલી છાતીનું ઓછામાં ઓછું વિસ્તરણ, ૫ સેન્ટિમીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(ખ) મહિલા ઉમેદવારો માટે.

| વર્ગ | ઊંચાઇ | વજન |
|---|---|---|
| મૂળ ગુજરાતના અનુસૂચિત આદિજાતિના ઉમેદવાર | ૧૪૫ સેન્ટિમીટર | ૪૫ કિલોગ્રામ |
| ઉમેદવાર (મૂળ ગુજરાતના અનુસૂચિત આદિજાતિ સિવાયના) | ૧૫૦ સેન્ટિમીટર | ૪૫ કિલોગ્રામ |

૨. નીચે જણાવેલી શારીરિક ખામીઓમાંથી કોઇપણ ખામી ધરાવતા હોય તેવા ઉમેદવારોને શારીરિક રીતે યોગ્ય માનવામાં આવશે નહિ:

(૧) વળેલા ઘૂંટણ (૨) સાંકડી છાતી (૩) ત્રાંસી આંખો (૪) સપાટ પગ (૫) કાયમની અતિશય ફૂલેલી નસ (વેરિકોઝ વેન) (૬) વળેલા અંગૂઠા (હેમર ટોઝ) (૭) અસ્થિભંગ થયેલા (ફ્રેક્ચર થયેલા) અવયવ (૮) સળેલા દાંત (૯) રંગ અંધત્વ (૧૦) સંચારી/ચામડીનો રોગ.

૩. તબીબી અધિકારીએ ઉમેદવારની તપાસ કરવી જોઈશે અને ઉપર જણાવેલા શારીરિક ધોરણોને ધ્યાનમાં રાખીને શારીરિક યોગ્યતા પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે તથા નીચેની બાબતો પણ પ્રમાણિત કરવી જોઈશે, જેમ કે: -

SHAPEI એટલે

S મનોવૈજ્ઞાનિક

H શ્રવણ

A ઉપાંગ

P સામાન્ય કામકાજ માટેની શારીરિક ક્ષમતા

E આંખોની દ્રષ્ટિ

I એટલે કે ઉપર જણાવેલા શીર્ષકો પૈકીના દરેક શીર્ષક હેઠળ સામાન્ય વ્યાવસાયિક કામગીરી કરવા માટેની તમામ બાબતોમાં યોગ્યતા:

૪. ઉમેદવાર વાઢકાપ સંબંધી વિકૃતિ, વળેલા ઘૂંટણ, સપાટ પગ અને કાયમની અતિશય ફૂલેલી નસ (વેરિકોઝ વેન)ની સમસ્યાઓથી મુક્ત હોવો જોઈએ.

**પરિશિષ્ટ ૪**

લેખિત પરીક્ષા પછી આપવામાં આવનારા વધારાના ગુણનું ભારાંક

(જુઓ નિયમ- ૧૭ (૪))

૧. નેશનલ કેડેટ કોર્પ્સનું 'સી' સ્તરનું પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને વધારાના ૦૨ (બે) ગુણનું ભારાંક આપવામાં આવશે.

૨. જે ઉમેદવાર પાસે મુખ્ય વિષય તરીકે વનશાસ્ત્રમાં બી.એસસી.ની પદવી હોય તે ઉમેદવાર લેખિત પરીક્ષામાં મેળવેલા કુલ ગુણના વધારાના ૧૦ ટકા ગુણ મેળવવા માટે પાત્ર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આસવ ગઢવી,**

સરકારના નાયબ સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.19 10:08:36 IST